કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

# સાવર કુંડલામાં પૂજ્ય શ્રી લાખા બાપા ની 245મી જન્મ જયંતી ઉજવાઇ



પારસમણી તુલ્ય સંત શ્રી પરમ પૂજ્ય શ્રી લાખા બાપા ની 245 જન્મતિથિ નિમિત્તે સાવરકુંડલામાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લાખા બાપા ની જન્મ તિથિ મહોત્સવ પ્રસંગે સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને લાખાબાપા ના ચરણોમાં વંદન કર્યા હતા અને લાખા બાપા ની 245 મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી થઈ હતી અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.



તારીખ : 27/11/2025

# પુરાતત્ત્વ વિભાગની ઉચ્ચસ્તરીય ટીમ દ્વારકા પહોંચી...

## સર્વેક્ષણ કરી પ્રાચીન અવશેષોને બહાર લાવવા યોજના



પ્રાચીન ભારતના ગૌરવશાળી ઈતિહાસને નવા પુરાવાઓ સાથે ઉજાગર કરશે.યાત્રાધામ પવિત્ર તીર્થ સ્થાન દ્વારકા ના પૌરાણિક દ્વારકાધીશ મંદિર નજીક ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા તારીખ 26 નવેમ્બર 2025 બુધવારથી સર્વેક્ષણની કામગીરીનો વિધિવત પ્રારંભ કરાયો હતો જગત મંદિરના સ્વર્ગ દ્વાર તરફ જગત મંદિર અને ગોમતી નદીના શારદા મઠ વચ્ચે જગ્યામાં ખોદકામ કરવા માટે સર્વે ચાલુ કરવામાં આવ્યો છે પૌરાણિક માન્યતા અનુસાર આશરે 5000 વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રપોત્ર પ્રદ્યુમનજી દ્વારા બનાવેલ દ્વારકાધીશનું જગત મંદિર અતિ પૌરાણિક હોવાથી તેને દેખરેખ અને જાળવણી પુરાતત્વ વિભાગ દ્વારા કરવામાં આવે છે આ પહેલાં વખતો વખત સમુદ્રમાં ડૂબેલી દ્વારકા તથા અન્ય પ્રાચીન ચીજ વસ્તુઓની શોધ માટે સર્વે કામગીરી કરાવી હતી. ત્યારે 26 નવેમ્બર 2025 બુધવારના રોજ સર્વે દરમિયાન ASIની ટીમે પ્રથમ સ્થળનું પૂજન-અર્ચન કરીને પરંપરાગત રીતે કાર્યની શરૂઆત કરી હતી. વિદ્યાર્થીઓ, સ્થાનિક લોકો અને સંશોધકોમાં આ ખોદકામને લઈને વિશાળ ઉત્સુકતા જોવા મળી છે, કારણ કે ઘણા વર્ષોથી "જૂની દ્વારકા"ના અવશેષોને શોધવા માટે વિરલ પ્રયત્નો ચાલતા આવ્યા છે. આ વખતે મળનારી માહિતી દ્વારકાના પ્રાચીન ઈતિહાસને સાક્ષાત સાબિત કરી શકે તેવી ઉચ્ચ અપેક્ષા છે.ASIની ટીમે મંદિર આસપાસના ભૂમિ સ્વરૂપ, માટીની રચના, સંભાવિત માર્ગો અને સંરચનાઓ વિશે પ્રાથમિક નોંધો તૈયાર કરી છે. આવનારા દિવસોમાં વધુ ટેકનિકલ સાધનોની મદદથી વિસ્તારનું વધુ ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવામાં આવશે. દ્વારકા નાગરિકો તેમજ સમગ્ર દેશ માટે આ કામગીરી અત્યંત મહત્વ ની છે, કારણ કે તે પ્રાચીન ભારતના ગૌરવશાળી ઈતિહાસને નવા પુરાવાઓ સાથે ઉજાગર કરશે.

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

# ટી-સિરીઝ અને ગુલશન કુમારની 'હનુમાન ચાલીસા' એ રચ્યો ઈતિહાસ, યુટ્યુબ પર મળ્યા 5 અબજ વ્યૂઝ..




5 અબજ વ્યૂઝ સુધી પહોંચનાર ભારતનો એકમાત્ર વિડિયો બની ગયો છે.શ્રી હનુમાન ચાલીસા". 10 મે 2011 ના રોજ યુટ્યુબ પર રિલીઝ થયેલ તેને વિશ્વભરના પ્રેક્ષકો દ્વારા એટલી વ્યાપક રીતે જોવામાં અને સાંભળવામાં આવ્યો છે કે છેલ્લા 14 વર્ષમાં તેના વ્યૂઝ 5 અબજને વટાવી ગયા છે. ટી-સિરીઝના સ્વર્ગસ્થ ગુલશન કુમાર આ વીડિયોમાં છે. હરિહરનેઆ હનુમાન ચાલીસાને કંઠ આપ્યો છે અને લલિત સેને આ ચાલીસાને સંગીત બધ્ધ કરી છે. અને આજે પણ આ હનુમાન ચાલીસા એટલી જ લોકપ્રિય છે.લેખ લખાય ત્યાં સુધી, તેને 5,010,505,300 વ્યૂઝ મળ્યા છે.ટી-સીરીઝે ખુશી વ્યક્ત કરી. "શ્રી હનુમાન ચાલીસા"ને યુટ્યુબ પર 2 કરોડ લાઈક્સ પણ મળ્યા છે. ગુલશન કુમાર આ વિડીયોમાં જોવા મળે છે. આ ભક્તિ ગીતને હરિહરને ગાયું છે અને લલિત સેન દ્વારા રચિત છે. ટી-સીરીઝે સોશિયલ મીડિયા પર ચાહકો સાથે 5 અબજ વ્યૂઝના આનંદદાયક સમાચાર શેર કર્યા અને દરેકનો આભાર માન્યો. ટી-સીરીઝે ટ્વિટર પર લખ્યું, "તમારા અતૂટ પ્રેમ, ભક્તિ, શક્તિ અને સમર્પણ સાથે, હનુમાન ચાલીસા 5 અબજ વ્યૂઝ સુધી પહોંચનાર ભારતનો એકમાત્ર વિડિયો બની ગયો છે - એક યાદ અપાવે છે કે શ્રદ્ધા હંમેશા આ ઘોંઘાટીયા વિશ્વમાં પોતાનો માર્ગ શોધી લે છે."વધુ વિગતો મુજબ હનુમાન ચાલીસા પછી, યુટ્યુબ પર ભારતના સૌથી વધુ જોવાયેલા વિડિયોઝની યાદીમાં ઘણા ગીતોનો સમાવેશ થાય છે. પંજાબી ટ્રેક "લહંગા" 1.8 બિલિયન વ્યૂઝ સાથે યાદીમાં બીજા ક્રમે છે. તે પછી "52 ગજ કા દમન," "વાસ્તે," "લુટ ગયે," "લૌંગ લાચી," અને "રાઉડી બેબી" આવે છે. જો કે, આમાંથી કોઈ પણ હજુ સુધી 2 અબજ વ્યૂઝ સુધી પહોંચ્યું નથી. ત્યારે ગુલશન કુમારને હનુમાન ચાલીસા એ આ સફળતા હાંસલ કરી છે અને ભારત દેશમાં સૌથી વધારે youtube માં જોવાયેલ વીડિયોમાં હનુમાન ચાલીસા નો સમાવેશ થાય છે ત્યારે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના ભક્ત હનુમાન દાદા ના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ રહી છે અને જય શ્રી રામનો નાદ ગુંજી ઉઠ્યો છે આ સફળતા, ગર્વ માત્ર ટી સિરીઝ કે સ્વ ગુલશન કુમાર કે તેમના પરિવાર જ નહીં પરંતુ કરોડો હનુમાનજીના ભક્તોનું પણ છે.

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

# સાવરકુંડલામાં SIR ની કામગીરી અન્વયે બુથની મુલાકાત લેતા
# ધારાસભ્ય શ્રી કસવાલા



SIR ની કામગીરી અન્વયે 27 નવેમ્બર 2025 ગુરૂવાર ના રોજ સાવરકુંડલા શહેર વોર્ડ નં-૧ માં બૂથ નં- ૧૫૪ માં મુલાકાત સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ લીધી હતી BLO દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની માહિતી મેળવી હતી.આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને તેમાં પડતી તકલીફોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તે માટે જરૂરી માર્ગદર્શન ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ  આપ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 124 1916

SUVARNA SAUBHAGYA UTSAV "MAHOTSAV"

SUVARNA SAUBHAGYA UTSAV



૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર.. *

*શરતો લાગુ

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

28 DAYS LEFT

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

તો ખરીદી કરવા નું ભૂલશો નહી !!

AR JEWELLERS

એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

# સાવરકુંડલા વકીલ મંડળ દ્વારા ભારતીય સંવિધાન દિવસના અવસરે ન્યાય મંદિરમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું







આ કાર્યક્રમમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી શેટ્ટી સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆતમાં મહેરબાન એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી શેટ્ટી સાહેબ, ફેમિલી જજ શ્રી પંડિત સાહેબ તથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી પઠાણ સાહેબ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેરબાન ફેમિલી જજ શ્રી પંડિત સાહેબ દ્વારા હાજર તમામને ભારતીય સંવિધાનના આમુખના શપથ લેવડાવવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં સાવરકુંડલા વકીલ મંડળના પૂર્વ પ્રમુખ શ્રી હિંમતભાઈ બગડાએ ભારતીય સંવિધાન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે દરેક ભારતીય નાગરિકની સંવિધાન પ્રત્યેની નિષ્ઠા અને ફરજો વિશે વિસ્તારથી વાત કરી હતી.આ કાર્યક્રમમાં સાવરકુંડલા વકીલ મંડળના મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા, જેમાં એડવોકેટ શ્રી બી.એમ. રાઠોડ, જુબેરભાઈ ચૌહાણ, જયરાજભાઈ ખુમાણ, ડી.એમ. વેગડા, અશ્વિનભાઈ વિંઝુડા, અશોકભાઈ વિંઝુડા, લલિતભાઈ ચૌહાણ, ભાવેશભાઈ હરસોરા, અભિષેકભાઈ વિંઝુડા, જયંતભાઈ હેલૈયા, પિયુષભાઈ રાઠોડ, અમિતભાઈ રાઠોડ, પ્રકાશભાઈ મહિડા, રમીલાબેન મહિડા, નીતાબેન સરવૈયા, ખીમજીભાઈ વાળા, વિઠ્ઠલભાઈ ધોળકિયા, સાહિલભાઈ ચૌહાણ, મહેબુબભાઈ બાવનકા, હુસેનભાઈ ઝાખરા, અસલમભાઈ ઝાખરા, કુમારપાળભાઈ વિંઝુડા, કવિતાબેન પરમાર, પાયલબેન ગઢીયા, કનુભાઈ વરુ, મયુરભાઈ ખાચર, ભરતભાઈ રાઠોડ તથા અન્ય વકીલમિત્રોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત સાવરકુંડલા અદાલતના રજીસ્ટ્રાર તથા અદાલતના તમામ સ્ટાફ મિત્રો પણ હાજર રહીને સંવિધાન દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુપર ધમાકા ઓફર

## માત્ર રૂ. 99 માં

HD ગ્લાસ સાથે

V8, ટાઈપ સી કેબલ અને ઈયરફોન ફ્રી...

**માત્ર રૂ. ૯૯ માં કવર સાથે HD ગ્લાસ ફ્રી...**

# જનતા મોબાઈલ

પોસ્ટ ઓફીસ રોડ, કલ્પના શુઝની બાજુમાં,

સાવરકુંડલા. મો. 81540 68808

કે.ડી NEWS
તારીખ : 27/11/2025

# SIR ની કામગીરી તથા જન પ્રતિભાવ અંગે સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા



ગુજરાતમાં ચાલી રહેલા મતદાર યાદી વિશેષ સુધારણા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ભોરિંગડા ગામ ખાતે બૂથ નંબ- ૪૯ અને ૫૦ ની મુલાકાત લઈ S I R ની કામગીરી તથા જન પ્રતિભાવ અંગે સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ આપ્યું હતું આ સાથે રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ લીલીયા તાલુકા તથા ગ્રામજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શિક્ષકો જોઇએ છે...

* ધો. ૪ થી ૧૦ માં ગુજરાતી લઇ શકે તેવા
* ધો. ૬ થી ૧૦ માં વિજ્ઞાન લઇ શકે તેવા
* ધો. ૩ થી ૫ માં ગણિત અને આસપાસ લઇ શકે તેવા
* M.Com અથવા B.Com - 1 શિક્ષક

## નીચેના નંબર પર બાયોડેટા મોકલી સંપર્ક કરવો.

## મો. 91575 57386 88666 63909

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

# ગુજરાત પોલીસમાં ટૂંક સમયમાં 14,000 જેટલી જગ્યાઓ પર મોટી ભરતી

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કરી જાહેરાત..



મળતી વિગતો મુજબ પોલીસ ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસમાં નવી ભરતીની નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી છે. આ ભરતી અંતર્ગત તેમણે પોલીસ વિભાગમાં 14 હજાર 507 જગ્યા પર ભરતીની જાહેરાત કરી છે. જેમાં P S I સહિતની કેડરમાં ભરતી કરવામાં આવશે.ગાંધીનગર ખાતે આયોજિત નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમ દરમિયાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના યુવાધનને સંબોધતા એક મહત્વપૂર્ણ ઘોષણા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા માટે સરકાર કટિબદ્ધ છે. આ ઉદ્દેશ્યને પાર પાડવા માટે, આગામી ટૂંક સમયમાં ગુજરાત પોલીસમાં કુલ 14,507 નવી ભરતીઓ કરવામાં આવશે. આ ભરતી પ્રક્રિયામાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (P S I) અને લોકરક્ષક દળ (L R D) જેવી મહત્વની કેડરનો સમાવેશ થશે. પોલીસમાં જોડાવા માંગતા યુવાનો માટે આ એક સુવર્ણ તક છે..આ કાર્યક્રમ દરમ્યાન નિમણૂક પત્રો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, રાજ્યમાં ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક અને ઝડપી બને તે માટે વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે.ત્યારે ગુજરાત પોલીસમાં ટૂંક સમયમાં 14,000 જેટલી જગ્યાઓ પર મોટી ભરતી આવી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



અલંકાર મહોત્સવ 2025

એક્ઝિબિશન

100% ફલેટ ડીસ્કાઉન્ટ
કોઇપણ રીયલ ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

૫૦% ફલેટ ડીસ્કાઉન્ટ
લેબ્ગ્રોન ડાયમંડ CVD ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

30% ફલેટ ડીસ્કાઉન્ટ
સોનાના દાગીનાની ઘડતર ઉપર

તા. ૨૫/૦૭/૨૦૨૫ થી શરૂ...

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી.

કસ્ટમર કેર : 63549 73131

તારીખ : 27/11/2025

કે.ડી. NEWS

**અમરેલી તથા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સંચાલિત ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલાના સહયોગથી દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદિર હાથસણી રોડ,**

# સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું

આજ તા. 26/11/25 ને બુધવાર ના રોજ નિયામક શ્રી-આયુષની કચેરી ,ગુજરાત રાજ્ય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી-અમરેલી ના માર્ગદર્શન અંતર્ગત સ. આ. દ. ઈંગોરાળા, તા. ખાંભા,જી. અમરેલી તથા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સંચાલિત ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલાના સહયોગથી દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદિર હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું.





આ કેમ્પમાં ગ્રામજનો ને સ્વાસ્થ્ય અંગે માહિતી આપવામાં આવી. આ નિદાન કેમ્પ મા નિદાન અને સારવાર ઉપરાંત ગામ ના લોકો ને દિનચર્યા તથા ઋતુચર્યા નું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ સંશમની વટી નું તેમજ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યા મા લોકો એ લાભ લીધો હતો.આ કેમ્પ માં વૈદ્ય ડી. જે. ખાચર, વૈદ્ય કૌશલ ગોંડલીયા તથા પંકજભાઈ વ્યાસ, વિનાયકભાઈ પરમાર, કૌશિકભાઈ બોરીસાગર એ સેવા આપી.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS
તારીખ : 27/11/2025

# સિદ્ધવડમાં 12.10 લાખ કલાકના મૌનવ્રતને ઈન્ડિયા બુકમાં સ્થાન..



સિદ્ધવડ તીર્થ પર શુક્રવારે ઉપધાન 385 મોક્ષ-માળારોપણનો ઐતિહાસિક મહોત્સવ 6 હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાની ઉપસ્થિતિમાં સાથે ઉજવાયો હતો. ચંદન પરિવારના યજમાનપદ હેઠળ યોજાયેલા આ મહાપ્રસંગે 'ચોમાસા દરમિયાન પાલિતણામાં થયેલી અનોખી મૌન ચાતુર્માસ શિબિરીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હોવાનો ગૌરવ જાહેર કર્યો.ચાતુર્માસમાં 1100 સાધકોએ 50 દિવસ સુધી રોજ સરેરાશ 22 કલાક મૌન પાળી કુલ 12 લાખ 10 હજાર કલાકનું મૌન, 7.26 કરોડ મિનિટનું સાધન અને 83 કરોડ શબ્દોનો ત્યાગ કર્યો હતો. જે અજોડ આરાધના સમૂહમાં પ્રથમવાર ભારતના રેકોર્ડમાં નોંધાઈ છે. વાણ આ પ્રસંગે આચાર્ય ભગવંતોની પવિત્ર નિશ્રામાં મોક્ષમાળા આરોહણ, તપ-ધ્યાન-પારાયણ તથા 200થી વધુ સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિએ સિદ્ધવડને આધ્યાત્મિક ઊર્જાથી ગુંજારી દીધું હતું.

તારીખ : 27/11/2025
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઈએ છે...

## ફેકટરીમાં પરચુરણ કામો કરી શકે તેવા ઉત્સાહી માણસ-3 જોઈએ છે...

**જીવન નાગજી કાંટાવાલા**

જૈન દેરાસર શેરી, સાવરકુંડલા

**સંપર્ક : મો. 84888 51236**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ખાંભા આઈટીઆઈ ખાતે આવતીકાલે રોજગાર ભરતી મેળો યોજાશે



ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

જિલ્લા રોજગાર વિનિમય કચેરી – અમરેલી

અનુબંધમ પોર્ટલના માધ્યમથી આયોજિત રોજગાર ભરતીમેળો

| કંપનીનું નામ | જગ્યાનું નામ | વય મર્યાદા | શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ (રૂ.) |
|---|---|---|---|---|
| એલ.આઈ.સી. ખાંભા | એજન્ટ | ૧૮ થી ૭૦ વર્ષ | ધો.૧૨ | કંપનીના નિયમોનુસાર |
| | મહિલા બીમા સખી એજન્ટ (મહિલાઓ માટે જ) | ૧૮ થી ૭૦ વર્ષ | ધો.૧૦ પાસ (ફુલટાઇમ / પાર્ટ ટાઇમ) | સ્ટાઈપેન્ડ પ્રથમ વર્ષ :- ७०००/- બીજા વર્ષ :- ६०००/- ત્રીજા વર્ષે-५०००/- PER MONTH |
| સીન્ટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ [illegible] | મશીન ઓપરેટર | ૧૮ થી ૩૫ વર્ષ | ધો.૧૦ થી ઓછુ તેમજ ધો.૧૦ પાસ | કંપનીના નિયમોનુસાર |
| એઇમ લીમીટેડ ભાવનગર | આસી. બ્રાંચ મેનેજર (માર્કેટિંગ) | ૧૮ થી ૩૫ વર્ષ | ધો.૧૦ / ધો.૧૨ | કંપનીના નિયમોનુસાર |
| | બ્રાંચ મેનેજર (માર્કેટિંગ) | | ગ્રેજ્યુએટ | |

- ભરતીમેળાની તારીખ :- ૨૮/૧૧/૨૦૨૫ (શુક્રવાર) સમય :- સવારે ૧૧:૦૦ કલાકે
- ભરતીમેળાનું સ્થળ :- ઔદ્યોગિક તાલીમ સંસ્થા,ખડાધાર રોડ, ખાંભા

ખાસ નોંધ:

- અનુબંધમ પોર્ટલ પરની રજીસ્ટ્રેશન લીંક : https://anubandham.gujarat.gov.in/account/signup
- ભરતીમેળામાં નોકરીદાતા તરફથી દિવ્યાંગ ઉમેદવારો માટે જગ્યા નોંધાયેલ નથી
- રોજગાર ઇચ્છુકોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તથા આધારકાર્ડ ની નકલ સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે.
- વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર કચેરી અમરેલી સંપર્ક કરવો.
- અનુબંધમ પોર્ટલ પર જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન કરેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભરતીમેળામાં ભાગ લઈ શકશે.

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા 28 નવેમ્બર 2025 શુક્રવાર સવારે 11:00 કલાકે આઈ.ટી.આઈ ખડાધાર રોડ ખાંભા ખાતે રોજગાર ભરતીમેળો યોજાશે.આ ભરતીમેળા માં સ્ત્રી તેમજ પુરુષ બંને ઉમેદવારો ભાગ લઈ શકશેજે ઉમેદવારોને અનુબંધમ પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરેલ ન હોય એ ઉમેદવારો પણ ભરતીમેળામાં ભાગ લઈ શકશે. તો મોટી સંખ્યામાં ઉમેદવારો આ ભરતી મેળામાં ઉપસ્થિત રહે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 27/11/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સિઝનનાં લાલ લીલા મરચા

## લગ્ન પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.

આંબળા, મરચાનો ચ્યવનપ્રાશ,
તીખુ અથાણુ, ગોળકેરી જેવુ અથાણુ
અને આંબળાનો છુંદો,
ખુજરનુ અથાણુ બધુ જ ઓર્ડર
પર બનાવી આપવામાં આવશે.

**નિરૂબેન અથાણાવાળા**

**મો. 94286 18272/94284 92808**

**દેવળાગેઈટ, મહાજનશેરી, સાવરકુંડલા.**

તારીખ : 27/11/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લામાં મતદાર યાદી સુધારણાની કામગીરી 64 ટકા પૂર્ણ



અમરેલી જિલ્લામાં મતદાર યાદી સુધારણાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. બીએલઓ દ્વારા દિવસ રાત કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે અત્યાર સુધીમાં મતદારોના ફોર્મ ઓનલાઈન કરવાની કામગીરી 64% પૂર્ણ થઈ ચૂકી છે.ભારતના ચૂંટણી પંચ દ્વારા 1 જાન્યુઆરી 2026 લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમજાહેર કરવામાં આવ્યો છે. જે તા.28/10 થી શરૂ થઈ તા.7/2 સુધી જાહેર થયો છે. અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ કુલ 5 વિધાનસભા મતદાર વિભાગના એન્યુમરેશન ફોર્મ વિતરણ કૂલ 12,71,375 મતદારોના કરવામાં આવ્યું છે. જે પૈકી 8 લાખથી વધુ ફોર્મ બી.એલ.ઓ. દ્વારા પરત મેળવી તેમને ફોર્મ પરત મેળવવાની કામગીરી ચાલુમાં છે. જે ફોર્મ સત્વરે પરત મેળવી તેને પણ ડિજિટાઈઝ કરવામાં આવશે. મળતી વિગતો મુજબ જે મતદારોએ ફોર્મ પરત પરત જમા કરાવેલ નથી, તેવા મતદારો પોતાના ફોર્મ આગામી તા.29તથા તા.30ના રોજ સંબંધિત મામલતદાર કચેરીઓ ખાતે જમા કરાવી શકશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Aavkar
RESTAURANT & BANQUET HALL



# પનીર ટીક્કા બીરયાની

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલા તાલુકામાં નવા ૫૯૫ લાખના કામો મંજુર કરાવતા :- શ્રી કસવાલા





સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના મત વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્વારા ગુજરાત સરકારમાં રજૂઆત કરી સાવરકુંડલા તાલુકાના ખડસલી, મેરિયાણા , મોટાભમોદ્રા , ઘોબા ,કરજાળા ,સીમરણ ,સેંજળ ગામોમાં રસ્તાની સુવિધા મળી રહે તે માટે ગુજરાત સરકાર માંથી ૫.૯૫ કરોડની રકમ ની મંજુર કરવામાં આવી છે. આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની સુવિધામાં મોટો વધારો થશે.આ ગામોના નાગરિકોને નવીન અને સુવિધાયુક્ત રસ્તાઓની ભેટ મળશેશ્રી કસવાલાએ જણાવ્યું હતું કે, આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારના લોકોને અવરજવરની સારી સુવિધા મળશે અને ખેડૂતોને પણ પોતાના પાકને બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, જે ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપશે.આ ૭ ગામ ખડસલી એપોર્ચ રોડ ૧૫૦ લાખ ,સેંજલ એપોર્ચ થી આશ્રમ સુધી રોડ ૬૫ લાખ, મેરીયાણા -ખડસલી રોડ ૫૦ લાખ,મોટા ભમોદ્રા સુવિધા પથ ૮૦ લાખ,ઘોબા સુવિધા પથ ૯૦ લાખ,કરજાળા સુવિધા પથ ૬૦ લાખ,સીમરણ સુવિધા પથ ૧૦૦ લાખ કુલ ૫૯૫ લાખના કામો મંજુર કરવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ આ જનહિતના કામોને તાત્કાલિક મંજૂરી આપવા બદલ ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સ્પેશ્યલ એક્ષચેન્જ ઓફર ટુંક સમય માટે જ....

## હવે એક્યુરેટમાંથી ખરીદી કરવી વધારે ફાયદામાં !!!
## બધે જ ભાવ પુછીને આવો...

* અમારા દ્વારા વગર વ્યાજના હપ્તા
ફાઈલ ચાર્જ કે પેનલ્ટી નહીં * કોઈ છુપા ચાર્જ નહીં

## વેચાણ પછીની ઉત્તમ સેવા...
## તો વધારે નાણા શા માટે ચુકવો છો ? આવો પધારો...



જુના ટીવીના રૂા. ૭૦૦૦ સુધી બાદ તથા ખરીદી સાથે ગીઝર ભેટ મેળવો..



**મીની ગીઝર** MCB સાથે..
૧ યુનિટમાં ૮૦ લીટર ગરમ પાણી
૧ વર્ષ પીસ ટુ પીસની ગેરેંટી.. કિંમત માત્ર રૂા. ૧૫૦૦




**૩ લીટર ગીઝર**
કિંમત રૂા. ૨૭૦૦ થી શરૂ...
૧ વર્ષની વોરંટી



**લેપટોપ**
ડેલ, આસુસ, લીનોવા દરેક મોડલ હાજરમાં...

## ખાસ એક્ષચેન્જ ઓફર

જુના ટીવીના ૭૦૦૦ સુધી * જુની ઘંટીના ૨૫૦૦
જુના મિક્ષ્ચરના રૂા. ૭૫૦ * જુના ગ્રાઈન્ડરના રૂા. ૨૫૦
જુની ઈસ્ત્રીના રૂા. ૧૦૦ * ફર્નિચરમાં પણ એક્ષચેન્જ સ્કીમ

---

આ ઉપરાંત એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન,
ઘરઘંટી, સેટી, પલંગ, કબાટ, સોફા વિગેરે તો ખરૂ જ...

# એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ 3333


તારીખ : 27/11/2025

કે.ડી. NEWS

## આજ રોજ તારીખ 27/11/2025 ને ગુરુવારે શ્રી સદ્ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રૂસ્ટ સવાર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા

# વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ





આ કેમ્પ આંખો ના રોગ થી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ની અંદર ઓ પી ડી માં 114 દર્દીઓને લાભ લીધો હતો. અને તેમજ મોતિયા ના ઓપરેશન માટે 23 દરદી લાભ લીધો હતો આ કેમ્પ નુ દિપ પ્રાગટય કબિર ટેકરી સાવરકુંડલા ના મહંત શ્રી નારણદાસ સાહેબ તથા ટ્રસ્ટીગણ તથા સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ ના ટ્રસ્ટી , માધવ વ્યાસ જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા,સુદર્શન નેત્રાલય ના કર્મચારી અતુલભાઈ દવે નિલેષભાઈ ભીલ, તથા તેમના સમગ્ર સ્ટાફ કબીર ટેકરી ના સ્વયંમ સેવકો જોડાયા હતા વગેરે સેવા આપી હતી... આ કેમ્પ દર મહિના ના ચોથા ગુરુવારે છેલ્લા 18વર્ષ થી યોજાય છે

કે.ડી. NEWS
તારીખ : 27/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે...

## ટેલિ એકાઉન્ટિંગ અને ઓફીસ વર્ક માટે વિશ્વાસુ છોકરો જોઈએ છે.

માત્ર છોકરાઓએ ફોન કરવો.
નોંધ : અનુભવી જોઈએ છે.

**સંપર્ક : મો. 81280 18347**

તારીખ : 27/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 27/11/2025

નો નેગેટીવ ન્યુઝ


કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શિક્ષક પાત્રતા કસોટી (ટેટ) અને 2005 પછીના શિક્ષકોને જૂની પેન્શન યોજના મળે તે માટે જંતર મંતર દિલ્હી ખાતે પ્રદર્શન યોજાયું



ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ

'શાળકય' ગુ.રા.પ્રા.શિ.સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, સેક્ટર-૧૩, ગાંધીનગર.
E-mail : gsptf2011@gmail.com

જૈમિનકુમાર એન. પટેલ
મહામંત્રી
એ-૭, શિવશક્તિ સોસાયટી, તિલકવાડા રોડ,
મુ.પો.તા. ડભોઈ, જિ. વડોદરા-૩૯૧૧૧૦
મો.૯૮૭૯૬૧૫૪૦૩

દિગ્વિજયસિંહ ડી. જાડેજા
પ્રમુખ
પ્લોટ નં.૨૯, પ્રગતિપાર્ક,
દિગ્જામ સર્કલ પાસે, જામનગર
મો. : ૯૮૨૫૦૩૪૬૫૫, ૯૪૨૬૯૩૪૬૫૫

તારીખ : ૨૧/૧૧/૨૦૨૫

**શિક્ષક પાત્રતા કસોટી (TET) તથા ૨૦૦૫ પછીના શિક્ષકોને જુની પેન્શન યોજનાનો લાભ મળે તે માટે દિલ્હી ખાતે ધરણાં કાર્યક્રમ**
**તા. ૨૪ નવેમ્બર ૨૦૨૫ સ્થળ : જંતર મંતર - દિલ્હી**

શિક્ષક પાત્રતા કસોટી (TET) પર સુપ્રિમકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો તેમાં RTE-2009 તથા NCTEના તા. ૨૩/૦૮/૨૦૧૦ના જાહેરનામા મુજબ ૨૦૧૦ પહેલાં નિમણૂંક પામેલા શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવેલ હતી જે સુપ્રિમકોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે જેનાથી ૨૦૧૦ પહેલાંના તમામ શિક્ષકોને TET પાસ કરવાની ફરજ પડશે તેમજ તેમને ઉ.પ.ધો. પણ મળશે નહીં તે માટે તથા સને. ૨૦૦૫ પછીના તમામ શિક્ષક કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ મળે તે માટે ગુ.રા.પ્રા.શિ.સંઘ તથા અ.ભા.પ્રા.શિ.સંઘ સાથે રહી અવારનવાર રજૂઆ અને લડત કાર્યક્રમો આપતું રહ્યું છે. TET પ્રશ્ને અ.ભા.પ્રા.શિ.સંઘ દ્વારા અપાયેલ લડત કા મુજબ સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં આવેદનપત્રો અને સહી ઝુંબેશ કાર્યક્રમ કર્યા બાદ જંતર-મંતર ખાતે તા. ૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ એક દિવસીય ધરણાં કાર્યક્રમ આપવામ છે. જેમાં ગુજરાત રાજ્યમાંથી આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા પ્રાથમિક શિક્ષક ભાઈબ રહી લડત કાર્યક્રમને વેગ આપશે.

આપના સ્નેહાધિન

(જૈમિનકુમાર પટેલ)
મહામંત્રી

(દિગ્વિજયસિંહ
પ્રમુખ

Scanned with CamScanner




શિક્ષકોની જૂની પેન્શન યોજના સહિતના પ્રશ્ને દિલ્હીમાં દેખાવોતમામ શિક્ષકોને જૂની પેન્શન પોજના પુનઃલાગુ કરવા તથા નોકરી કરતા શિક્ષકો માટે ટેટ પરીક્ષા નાબૂદ કરવાની મુખ્ય એ માંગ સાથે દિલ્હીમાં જંતર-મંતર ખાતે સમગ્ર દેશના શિક્ષકો દ્વારા વિશાળ ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ઘરમાંથી આશરે બે હજાર જેટલા શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતાં. ગુજરાત રાજ્યમાંથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ખર્ચા નથી મહેન્દ્રભાઈ વિછીયા અને અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી ક્રિપાલસિંહ જાડેજા ની આગેવાની હેઠળ અમરેલી જિલ્લામાંથી લગભગ પચ્ચાસ જેટલા શિક્ષકોએ ઉજાસભર હાજરી આપી હતી.આ ધરણા કાર્યક્રમનો ઉદેશ જૂની પેન્શન યોજના તાત્કાલિક અમલમાં મુકવા અને શિક્ષક વર્ગને સુરક્ષિત ભવિષ્ય આપવું ફરજ બજાવતા શિક્ષકો માટે ટેટ પરીક્ષા સંપૂર્ણપણે નાબૂદ કરાવવાની માંગ રજૂ કરવી જેનો સંબંધ શિક્ષક વર્ગના હક્કો, પ્રતિષ્ઠા અને રોજિંદા શૈક્ષણિક કાર્ય સાથે સીધો છે. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ રાજ્યોના શિક્ષક અને કારોબારી સભ્યોએપોતાના વક્તવ્ય દ્વારા સરકારને શિક્ષણ વ્યવસ્થાના હિતમાં ઝડપથી નિર્ણય લેવા અપીલ કરી હતી અમરેલી જિલ્લાના શિક્ષકમિત્રોએ શિક્ષકોની ન્યાયસંગત માંગો શિક્ષણવ્યવસ્થામાં સુધારો સંભવ નથી એવો સ્પષ્ટ સંદેશ સરકાર સુધી પહોંચાડયો હોવાનું અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તારીખ : 27/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

## મફતમાં કરી આપવામાં આવશે.

### શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

### ઉપલબ્ધ સુવિધાઓ

**ડો. ચિરાગ પરમાર**
M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

**ડો. વૈભવી પરમાર**
M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 27/11/2025

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# માત્ર અમરેલી જિલ્લાનું નહિ પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ કવિ રમેશ પારેખ ની આજે જન્મ જયંતી



રમેશ પારેખ ગુજરાતી ભાષાના કવિ અને ગીતકાર હતા. તેઓ આધુનિક ગુજરાતી કવિતાના સૌથી વધુ લોકપ્રિય કવિ હતા.વ્યવસાયે સરકારી કર્મચારી હોવા છતાં તેમને સાહિત્ય અને સંગીતમાં ઊંડો રસ હતો. ગીત, ગઝલ અને અછાંદસ કાવ્યોમાં તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે વાર્તાઓ અને ગુજરાતી બાળ સાહિત્યનું પણ સર્જન કર્યું હતું.રમેશ પારેખનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૪૦ના રોજ અમરેલી ખાતે કપોળ વણિક કુટુંબમાં મોહનલાલ અને નર્મદાબેનને ત્યાં થયો હતો. તેમણે પારેખ મહેતા વિદ્યાલય ખાતે અભ્યાસ કર્યો હતો. તેમની પ્રથમ વાર્તા પ્રેતની દુનિયા, ચાંદની સામાયિકમાં તેઓ જ્યારે શાળામાં હતા ત્યારે પ્રગટ થઈ હતી. ૧૯૫૮માં પ્રથમ વર્ગ સાથે તેમણે એસ.એસ.સી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી. તેમણે શિષ્યવૃત્તિ મેળવી હતી. તેમને ચિત્રકળામાં રસ હતો અને તેઓ સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હતા પરંતુ નાણાકીય ભીડને કારણે તેમ કરી ન શક્યા. ૧૯૬૦માં તેઓ અમરેલી જિલ્લા પંચાયત કચેરીમાં જોડાયા. ચિત્રકળા અને સંગીતનો શોખ તેમણે જાળવી રાખ્યો. ૧૯૬૨ સુધી તેમણે વાર્તાઓ લખવાનું ચાલુ રાખ્યું અને સંગીત ક્લબની સ્થાપના કરી. ૧૯૬૭માં તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. ૧૯૬૮માં તેમની મુલાકાત અનિલ જોશી સાથે થઈ અને તેમણે વધુ કવિતાઓ લખવાની પ્રેરણા આપી. તેમની કવિતાઓ સાહિત્યના વિવિધ સામાયિકોમાં પ્રગટ થવાની શરૂઆત થઈ. ૧૯૮૮માં તેઓ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા અને સમગ્ર જીવન સાહિત્યિક કારકિર્દી પર કેન્દ્રિત કર્યું. ૧૯૯૭માં તેઓ અમરેલીથી રાજકોટ સ્થાયી થયા. પારેખ તેમના ગીતો માટે જાણીતા છે પણ તેમણે અછાંદસ કવિતાઓ અને ગઝલોમાં પણ મોટું યોગદાન આપ્યું છે. સોનલ અને મીરાંબાઈને સંબોધીને લખાયેલ તેમની કવિતાઓ અને ગીતો સોનલ સૌથી વધુ જાણીતા છે. તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ ક્યાં (૧૯૭૦) ની પ્રશંસા થઈ હતી. ખડિંગ (૧૯૭૯) તેમનો બીજો કાવ્ય સંગ્રહ છે જેણે અનેક પુરસ્કારો મળ્યા હતા. તેમના સમગ્ર સર્જન તેમને ૧૯૮૮માં સંસ્કાર પુરસ્કાર અને અમરેલી જિલ્લા પંચાયત કચેરી તરફથી કલાગૌરવ સુવર્ણ ચંદ્રક (૧૯૮૯) મળ્યો હતો. ૨૦૦૪માં તેમને નરસિંહ મહેતા પુરસ્કાર એનાયત થયો હતો.૧૯૮૨-૮૩માં નસીબની બલિહારી ચલચિત્ર અને ૧૯૯૩-૯૪માં માનવીની ભવાઈ ચલચિત્ર માટે તેમને શ્રેષ્ઠ ગીતરચનાકારનો પુરસ્કાર ગુજરાત સ્ટેટ ફિલ્મ એવોર્ડમાં મળ્યો હતો.૧૯૭૨માં તેમના લગ્ન રસિલાબેન સાથે થયા હતા. તેમની પુત્રી નેહાનો જન્મ ૧૯૭૪માં અને પુત્ર નિરજનો જન્મ ૧૯૭૫માં થયો હતો. સાહિત્યના અનેક પ્રકારોમાં ખેડા તેની પ્રથમ કવિતા ચશ્મા ના કાચ પર રે પ્રથમ વાર્તા પ્રેતની દુનિયા અને પ્રથમ કાવ્ય સંગ્રહ ક્યાં? ૧૯૯૭માં રમેશ પારેખ અમરેલીથી રાજકોટ સ્થાયી થયા.૧૭ મે ૨૦૦૬ના રોજ રાજકોટ ખાતે હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું. તેમની થોડીક કાર્ય કૃતિઓની ચમત્કૃતિ જોઈએ તો કંઈ વેદના એ શોષી લીધા એના એ રુધિર કે છે તો છે વસંતમાં ગુલમોહર પણ સફેદ.આવી અદભુત અનેક ગણી રચનાઓ આજે પણ આપણે સાંભળીએ છીએ અને તેમને યાદ કરીએ છીએ અને એમના ગીતો કેટલી ગુજરાતી ફિલ્મોમાં પણ લેવાયેલા છે તો આપણાં સૌના ગૌરવ રમેશ પારેખજી ને વંદન કરીએ અને એમની એક રચના વાંચીએ.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# BLO ની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ધારાસભ્યશ્રીના હસ્તે સાવરકુંડલાના શિક્ષકનું સન્માન..



"Special Intensive Revision"

Office of the Electoral Registration Officer
& Prant Officer Savarkundla

CERTIFICATE

*This is to place on record that Shri Bharakhada Aanandkumar Chandrakantbhai has discharged his duty as Booth Level Officer at Part No.137 Savarkundla-11 Polling Station of 97–Savarkundla Assembly Constituency with utmost dedication and sincerity for Special Intensive Revision related work during 2025-26.*

*His meticulous work and devotion to duty is exemplary and the same is here by appreciated and accordingly, this certificate is given to honour his excellent work during special intensive revision.*

(Z. V. Patel)
Electoral Registration Officer
&
Prant Officer Savarkundla

Place : Savarkundla
Dated : 27/11/2025

**BLO ની ઉત્કૃષ્ટ 100% કામગીરી પૂર્ણ કરવા બદલ શિક્ષક આનંદભાઈ ચંદ્રકાંતભાઈ ભરખડાને સાવરકુંડલા લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે સાલ અને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવેલ . જે બદલ વાંઝા જ્ઞાતિ સમાજ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.**



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી શહેર અને અમરેલી તાલુકાના તમામ મતદારો માટે મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ

# SIR ખાસ કેમ્પ

અમરેલી તા.૨૭ નવેમ્બર ૨૦૨૫ (ગુરૂવાર) - ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા હાલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની સૂચના અન્વયે અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર, અમરેલીના માર્ગદર્શન તળે અમરેલી શહેરમાં "શ્રી કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય, ચિતલ રોડ, અમરેલી" ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ ક. સુધી તા.૩૦-૧૧-૨૦૨૫ બપોરે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે મામલતદાર કચેરી, અમરેલી ખાતે મતદારયાદી શાખા, રૂમ નં.૪, ગ્રાઉન્ડ ફ્લોર ખાતે જરૂરી માર્ગદર્શન આપવા અંગે કામગીરી કરવામાં આવનાર છે. આ ખાસ કેમ્પમાં અમરેલી તાલુકાના તમામ મતદારો જોગ જણાવવાનું કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળ્યુ હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ(EF) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવશે. જેથી તમામ મતદારોએ આ કેમ્પનો લાભ લેવા મતદાર ઓળખપત્ર(ચૂંટણીકાર્ડ નકલ) સાથે રૂબરૂ હાજર રહેવા શ્રી મતદાર નોંધણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી, અમરેલી તથા મામલતદાર અમરેલી (ગ્રામ્ય) અને મામલતદારશ્રી, અમરેલી (શહેર) દ્વારા અનુરોધ કરાવ્યો છે.

**શ્રી કે.કે.પારેખ અને મહેતા આર.પી.વિદ્યાલય, ચિતલ રોડ, અમરેલી ખાતે અને મામલતદાર કચેરી, અમરેલી (મતદારયાદી શાખા) ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ થી સાંજના ૫-૦૦. સુધી અને તા.૩૦-૧૧-૨૦૨૫ બપોરે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 27/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લાઠી-બાબરા તાલુકાના તમામ મતદારો માટે મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ

# SIR ખાસ કેમ્પ

મામલતદાર કચેરી લાઠી-બાબરા અને એમ.સી. હાઈસ્કુલ દામનગર ખાતે અને ખાતે ૨૯ નવેમ્બરે બપોરે ૧૨-00 થી સાંજના ૫-00 અને તા 30 નવેમ્બરે સવારે ૧૦થી સાંજના ૫-00 સુધી કેમ્પ યોજાશે 000000000અમરેલી તા.૨૭ નવેમ્બર ૨૦૨૫ (ગુરૂવાર) - ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા હાલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (S I R ) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મામલતદાર કચેરી લાઠી-બાબરા અને એમ.સી. હાઈસ્કુલ દામનગર ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-00 કલાકથી સાંજના ૫-00 ક. સુધી તા.30-૧૧-૨૦૨૫ સવારે ૧૦-00 કલાકથી સાંજના ૫-00 સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખાસ કેમ્પમાં મામલતદાર કચેરી બાબરા ખાતે બાબરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો ગણતરી ફોર્મના ડોક્યુમેન્ટ આપી શકશે. મામલતદાર કચેરી લાઠી ખાતે લાઠી શહેર, લાઠી ગ્રામ્યના શેખપીપરીયા, કેરીયા, નાના રાજકોટ, વીરપુર, કરકોલીયા, રામપર, મેથળી, ભુરખીયા, તાજપર, હદીથરા, માળવીયા, પીપરીયા, મતિરાળા, દૂધાળાબાઈ, અડતાળા, હરસુરપુર, જરખીયા, હિરાણા, ચાવંડ, દેરડીજાનબાઈ, પીપળવા, ભીંગરાડ, પ્રતાપગઢ, આસોદર, ઈંગોરાળા, આંબરડી, નારાયણગઢ, નારણગઢ, મેમદા, કાંચરડી, અકાળા, લુવારીયા, દુધાળાલાઠી, ટોડા, કેરાળા, કૃષ્ણગઢના મતદારો ભાગ લઈ શકશે.એમ.સી. હાઈસ્કુલ દામનગર ખાતે દામનગર શહેર તથા છભાડીયા, ધ્રુફણિયા, ઠાંસા, મુળીયાપાટ, સુવાગઢ, હાવતડ, પાડરશીંગા, શાખપુર, હજીરાધાર, ભટ્ટવદર, ધામેલ, ધામેલપરા, ભાલવાવ, રાભડાના મતદારો ભાગ લઈ શકશે. આ કેમ્પનો લાભ લેવા બાબરા-લાઠી અને દામનગરના મતદારહોને મતદાર નોંધણી અધિકારીશ્રી ૯૬- લાઠી વિભાધાનસભા અને પ્રાંત અધિકારીશ્રી લાઠીએ એક યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER


Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કદમ્બગીરીના તીર્થે આવતીકાલથી પ્રતિષ્ઠા મહોત્સવ

## કદમ્બગીરીના તીર્થે સર્વોચ્ચ શિખર પર નવનિર્મિત દેરાસરમાં આદિનાથ પ્રભુની પુરાતન ચરણ પાદુકાજી કદમ્બ ગણધરની પ્રતિમા,પાદુકાની પ્રતિષ્ઠા..

28 નવેમ્બર થી 1 ડિસેમ્બર સુધી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.કદમ્બગીરી તીર્થના સર્વોચ્છ શિખર ઉપર શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા નવનિર્મિત જિનચૈત્ય પ્રતિષ્ઠા મહોત્સવ 28 નવેમ્બર શુક્રવાર થી 1 ડીસેમ્બર 2025 સુધી ઉજવાશે. જેમા આદિનાથ પ્રભુની પુરાતન ચરણ પાદુકાજી, કદમ્બ ગણધરની દિવ્ય પ્રતિમા અને પાદુકાની પ્રતિષ્ઠા કરાશે.કદમ્બગીરી, પાલિતાણાથી 27 કિ.મીના અંતરે આવેલુ તીર્થ છે. ગઈ ચોવીશીના ચોવીસમાં તીર્થંકર શ્રી સંપ્રતિનાથના શિષ્ય કદમ્બ ગણધર, એક કરોડ મુનિઓ સહિત આ તીર્થના ઉંચા શિખર પર મોક્ષપદ પામ્યા હતા તે શિખર હાલ કમળા માતા (કોલામ્બા)ના ડુંગર તરીકે ઓળખાય છે. ત્યા પુરાતન પાદુકા દેરી હતી.કદમ્મગિરિનો પુનરૂદ્ધાર કરનારા શાસન સમ્રાટની તીવ્ર ભાવના હતી કે શિખર પર એક જિનાલય કરાવવુ. જમીનો પણ લઈ રાખેલી પણ સંયોગાધીન તે ભાવના ફળીભૂત નશી જે આંશિક રૂપે તે ભાવના પુરી થવાનો સંયોગ આવ્યો છે જે આચાર્ય વિજય શીલચંદ્રસૂરિના હૃદયમાં જાગતા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ નાનુ આરસનુ દેરાસર ત્યા બંધાવ્યુ છે. તેમા આદિનાથ પ્રભુની પુરાતન ચરણ પાદુકાજી, કદમ્બ ગણધરની દિવ્ય પ્રતિમા અને પાદુકાની પ્રતિષ્ઠા પેઢી દ્વારા મહોત્સપૂર્વક કરાશે. પ્રતિષ્ઠા માગશર શુદ 10 રવિવાર તા.30-11 સવારે 11.15 કલાકે કરાશે.કદમ્બગિરિ તીર્થે થયેલ નૂતન દેવ કોલીકા નિર્માણ અને પ્રતિષ્ઠા પૂજ્ય આચાર્ય શીલચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ નિશ્રામાં કરાશે. જે પૂજ્ય શ્રીએ દીર્ઘદ્રષ્ટિથી આ કાર્યમાં નિર્દેશ અને માર્ગદર્શન પૂરું પાડેલ.આ પ્રસંગે ત્રિ દિવસીય મહોત્સવ અંતર્ગત તારીખ 28 ના જિનાલયમાં પ્રતિમાજી અને પાદુાજીનો મંગલ પ્રવેશ થશે જેના લાભાર્થી મનીષાબેન મનીષભાઈ કનાડીયા છે. તારીખ 29 ના રોજ પ્રભાવક એવું 18 અભિષેક અનુષ્ઠાન સવારે 9 કલાકે થશે તારીખ



30 રવિવારના રોજ મંગલ પ્રતિષ્ઠા થશે કદમગીરી તીર્થે ટોચ સુધી જવા માટે પાક્કી સડક મોટર માર્ગ પણ ઉપલબ્ધ છે. ત્યારે આદિનાથ પ્રભુની પુરાતન ચરણ પાદુકાજી કદમ્બ ગણધરની પ્રતિમા,પાદુકાની પ્રતિષ્ઠા થશે. સમગ્ર વાતાવરણ ભક્તિમય થશે.


કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

# લીલીયા મામલતદાર કચેરી ખાતે તા.૨૯ તથા 30મી નવેમ્બરે ખાસ SIR અન્વયે કેમ્પ

## મતદારોના ગણતરી ફોર્મ જમા કરવા સહિતની SIR આનુસંગિક કામગીરી કરાશે : મતદારોને લાભ લેવા અનુરોધ

અમરેલી તા.૨૭ નવેમ્બર, ૨૦૨૫ (ગુરૂવાર) - ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા હાલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની સૂચના અન્વયે અને જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, અમરેલીના માર્ગદર્શન તળે લીલીયા તાલુકામા મામલતદાર કચેરી, ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી અને તા.30-૧૧-૨૦૨૫ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ ખાસ કેમ્પ સંદર્ભે અમરેલી તાલુકાના તમામ મતદારો જોગ જણાવવામાં આવ્યું છે કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળેલ ન હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ (E F ) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવનાર છે. જેથી તમામ મતદારોએ આ કેમ્પનો લાભ લેવા મતદાર ઓળખપત્ર (ચૂંટણીકાર્ડ નકલ) સાથે રૂબરૂ હાજર રહેવા મતદાર નોંધણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી, સાવરકુંડલા તથા મામલતદાર લીલીયા દ્વારા અનુરોધ કરવામાં આવે છે, જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે, તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ

પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન

## સ્પર્ધકોએ તા.૧૨મી ડિસેમ્બર સુધીમાં ફોર્મ જમા કરાવવું

અમરેલી તા.૨૭ નવેમ્બર, ૨૦૨૫ (ગુરૂવાર) - રાજકોટના સાંસદ તથા પૂર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા અને "મદદ ટ્રસ્ટ", અમરેલી દ્વારા આ વર્ષે "સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા-૨૦૨૫-૨૬"નું જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થનાર છે. જેમાં રજિસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૧૨/૨૦૨૫ છે. આ વર્ષે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં કુલ ૨૦ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ત્રણ વયજૂથમાં ૮ થી ૧૪ વર્ષ,(૦૧-૦૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૭ નાં રોજ જન્મેલા), ૧૫ વર્ષથી અને ૨૯ વર્ષ સુધીના અને (૦૧-૦૧-૧૯૯૭ થી ૩૧-૧૨-૨૦૧૦નાં રોજ જન્મેલા), અને 30 વર્ષથી ઉપરના તમામ, (૩૧-૧૨-૧૯૯૬ પહેલા જન્મેલા)ની સ્પર્ધા યોજાશે. જેમાં જિલ્લાકક્ષાએ કુલ ૨૦ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં સુગમ સંગીત, સમૂહગીત, લગ્નગીત, ફટાણા, લોકગીત, ભજન, ગરબા, રાસ, તબલા, હાર્મોનિયમ (હળવું), લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, કથ્થક, વાંસળી, ધોળ, હાલરડાં, શરણાઈ, ઢોલ(લોકવાદ્ય), પ્રભાતિયા, મરશિયા વગેરે સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓ તેમજ ભણતા ન ભણતા કલાકારોને જણાવવામાં આવે છે. જે સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે "મદદ" કાર્યાલય, સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી ખાતે આ ફોર્મ જરૂરી આધારો સાથે રૂબરૂમાં અથવા ટપાલ કે કુરિયર દ્વારા મોકલવાના રહેશે. આ ફોર્મ માટે જરૂર જણાય તો મદદ કાર્યાલયનો સંપર્ક નંબર .૦૨૭૯૨ ૨૨૪૯૫૯, મો. ૯૯૧૩૨૯૮૧૦૮ (ચિરાગભાઈ)નો સંપક કરવો, તેમ મદદ કાર્યાલયની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક

સગાઈ કેક

મેક અપ કીટ કેક

ફોટો કેક

ફોન્ડન્ટ કેક

બેબીશાવર કેક

# અઢળક કેકની વેરાયટીઓ

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





आत्मा

कोई भी "गुरू" "शिष्य" को बांधकर रखना नही है, सदैव उसे आगे बढ़ाते रहना है।

बाबा स्वामी
27/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક ભાઈ જીઈબી ઓફિસમાં ફોન કર્યો લાઈટ જાવા દોને સવાલ પૂછ્યો કેમ તો કહ્યું બહુ ઠંડી લાગે છે હું સુઈ ગયો છું અને ઘરની લાઈટ બંધ કરતા ભૂલી ગયો છું.

---

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં ધ્યાન દઈ રહેલા માણસોને વિનંતી કે શેરીમાં કોઈ બાધે એમનું સમાધાન કરાવો ને મારા વાલા.

---

શેર બજારમાં એક માણસે ત્રણ કરોડ જીત્યા અને ત્યારબાદ ખૂબ ખુશ થઈ અને આગળ જઈ રહ્યો હતો ત્યાં તેમનાથી જગાઈ ગયું.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 27/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 27 નવેમ્બર
# મહત્વની ઘટનાઓ

૧૮૭૦ :
દામોદર બોટાદકર, ગુજરાતી કવિ
૧૯૮૬ :
સુરેશ રૈના , ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી.
અવસાન
૨૦૦૮ :
ગુરુવારના દિવસે ભારત દેશના પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહનું બપોરના સમયે એપોલો હોસ્પિટલ ખાતે અવસાન થયું હતું. એમની વય ૭૭ વર્ષની હતી.

## વડીયા મામલતદાર કચેરી ખાતે તા.૨૯ તથા 30મી નવેમ્બરના મતદારો માટે SIRની કામગીરી સંદર્ભે ખાસ કેમ્પ યોજાશે

અમરેલી તા.૨૭ નવેમ્બર, ૨૦૨૫ (ગુરૂવાર) - ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની સૂચના અન્વયે અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, અમરેલીના માર્ગદર્શન તળે વડીયા તાલુકામાં "મામલતદાર કચેરી વડીયા" ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી તા.30-૧૧-૨૦૨૫ બપોરે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ ખાસ કેમ્પમાં વડીયા તાલુકાના તમામ મતદારો જોગ જણાવવામાં આવ્યું છે કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળેલ ન હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ(E F ) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવનાર છે. જેથી તમામ મતદારોએ આ કેમ્પનો લાભ લેવા મતદાર ઓળખપત્ર(ચૂંટણીકાર્ડ નકલ) સાથે રૂબરૂ હાજર રહેવા મદદનીશ મતદાર નોંધણી અધિકારી-વ-મામલતદારશ્રી વડીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.તાલુકાના તમામ મતદારો માટે મામલતદાર કચેરી, વડીયા ખાતે મતદારયાદી શાખા,પહેલા માળ ખાતે જરૂરી માર્ગદર્શન આપવા અંગે કામગીરી કરવામાં આવનાર છે, તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

તારીખ : 27/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક


## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973